જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૩૦/૧૧/૨૦૧૪ રવિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયા:-** **સમાચાર યાદી નં.૨૯૨૮/૧૪**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૨ કેસ કરી ૨૧ વ્યક્તિઓને ઝડપી ૨૬૭ લીટર દેશી દારૂ, ૦૪ બોટલ ઇગ્લીશ દારૂ, ૦૧ સ્કુટર અને ૦૧ બોલેરો જીપ કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૨ કેસ કરી ૦૪ આરોપીઓને ઝડપી રૂપિયા ૧૫૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયા:-** **સમાચાર યાદી નં.૨૯૨૯/૧૪**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૨૩૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી તેમજ પ્રોહિ.૯૩ મુજબ ૧૨ વ્યક્તિઓની અને પાસા મુજબ ૦૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડી અને વિશ્વસઘાત :-** **સમાચાર યાદી નં.૨૯૩૦/૧૪**

**ગોમતીપુર :** કીર્તીકુમાર ગુલાબચંદ જૈન (રહે.ઈન્ડીયાબુલ એપાર્ટમેન્ટ, સરસપુર) એ તા.૨૯/૧૧/૧૪ નારોજ ગોમતીપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે આજથી ત્રણેક વર્ષ પહેલાથી છેલ્લા દોઢ વર્ષના સમયગાળા દરમ્યાન આરોપી (૧) મનોજભાઇ (જેના પુરા નામની ખબર નથી)(રહે. નિઓ લાઇફ સ્ટાઈલ, થોડાપૂંજી, જી:ઈડકી, રાજ્ય:કેરલા) (૨)મૌલિક (જેના પુરા નામની ખબર નથી)(રહે.મેમર્સ મૌલીશ જી.કોટાયમ, રાજ્ય કેરલા) (૩) શાંતી સાબુ (રહે.મેસર્સ શાંતી સાબુ, ગામ:તિરેવલ્લા, જી.એલીપી, રાજ્ય: કેરલા) (૪) શશી પૂર્ણીમા(જેના પુરા નામની ખબર નથી)(રહે.જી.ડી ગારમેન્ટ, ગામ:કાયમ, કુલ્લમજી એલીપી, કેરલા)(૫)રાજુભાઇ (જેના પુરા નામની ખબર નથી)(રહે.દિપજ્યોત એપાર્ટમેન્ટ,મણીનગર) ભેગામળી કીર્તીકુમારને વિશ્વાસમાં લઇ કાપડનો માલ કિંમત રૂપિયા ૨૫,૪૧,૧૭૯/- ઉધારમાં ખરીદ કર્યા બાદમાં કાપડનાં પૈસા નહી ચુકવી કિર્તીકુમાર સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.જી.પરમાર ચલાવે છે.

**ઘરફોડ :-** **સમાચાર યાદી નં.૨૯૩૧/૧૪**

**વેજલપુર :** ફાલ્ગુનીબહેન રંજનકુમાર ચૌહાણ (રહે.સ્વતંત્ર ફ્લેટ, મલાવ તલાવ પાસે, જીવરાજપાર્ક) એ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૭/૧૧/૧૪ સવારના ૧૦/૦૦ થી રાતના ૧૦/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનનાં દરવાજાનો નકુચો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૧,૦૪,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.આર.રાવલ ચલાવે છે.

**સોનાની ચેઇન ખેંચી તોડી લઇ ગયા :-** **સમાચાર યાદી નં.૨૯૩૨/૧૪**

**રામોલ** : સુંદરબહેન રોશનલાલ જૈન(ઉ.વ.૬૦)(રહે.હરભોળાનાથ સોસાયટી, રાજરાજયનગર ની બાજુમાં, રામોલ) તા.૨૯/૧૧/૧૪ નાં કલાક ૧૧/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીક સોસાયટીની સામે આવેલ રોડ ઉપરથી ચાલતાં પસાર થઇ રહ્યા હતા દરમ્યાન એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ સુંદરબહેનનાં ગળાંમાંથી સોનાની ચેઇન કિંમત રૂપિયા ૫૦,૦૦૦/- ખેંચી તોડી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ સુંદરબહેન જૈને રામોલ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી પી.આઇ.સોલંકી ચલાવે છે.

**ગાડીનો કાચ તોડી ચોરી :-** **સમાચાર યાદી નં.૨૯૩૩/૧૪**

**માધવપુરા** : સોમેશ દેવશંકર ઝા (રહે.અર્જુન એપાર્ટમેન્ટ, અર્જુન ટાવર રોડ, ઘાટલોડીયા) એ માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૯/૧૧/૧૪ સાંજના ૭/૩૦ થી ૮/૦૦ વાગ્યા દરમ્યાન શાહીબાગ એડવાન્સ પ્લાઝા આગળ પાર્ક કરેલ પોતાની વેગન આર કાર નં.જીજે.૦૧.એચ.કે.૮૪૩૯ નો પાછળનો જમણી સાઇડનો કાચ તોડી કારમાં મુકેલ બે લેપટોપ કિંમત રૂપિયા ૩૦,૦૦૦/- અને અન્ય જરૂરી દસ્તાવેજો મુકેલ બેગ કોઇ અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.વી.મકવાણા ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુ :-** **સમાચાર યાદી નં.૨૯૩૪/૧૪**

**બાપુનગર** : હર્ષદભાઈ મંગલભાઈ બોચીયા (રહે.ચાંદાભાઈની ચાલી, ભક્તિનગરની સામે, બાપુનગર)એ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૯/૧૧/૧૪ બપોરનાં ૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના પિતા મંગળભાઇ પુંજાભાઇ બોચીયા (ઉ.વ.૬૧) બાપુનગર ચાર રસ્તા સર્કલની બાજુમાં રોડ ક્રોસ કરતાં હતા દરમ્યાન અજાણ્યા લોડીંગ રીક્ષાનાં ચાલકે પોતાની લોડીંગ રીક્ષા પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી લાવી મંગળભાઇને ટક્કર મારતાં, શરીરે ગંભીર ઈજાઓ થતાં, સારવાર અર્થે તેમને સિવીલ હોસ્પીટલમાં લઇ જતાં, સારવાર દરમ્યાન તેઓનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી ધનજીભાઈ શંકરભાઈ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.